592

<u>સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો</u>
રાવળ સમાજના લોકો માટે રાવળિયા,
રાવલિયા,શબ્દ પ્રયોગ નહી કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૦૬/૩૯૪/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :– 6 OCT 2006

આમુખ:–

ગુજરાત સરકારે ભૂતપૂર્વ મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧/૪/૭૮ ના ઠરાવ ક્રમાંક:બીસીઆર–૧૦૭૮/૧૩૭૩૪/ હ થી ગુજરાત રાજ્ય માટેની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની પ્રથમ યાદી જાહેર કરી છે. આ યાદીમાં ક્રમાંક:૬૦ હેઠળ રાવળ, રાવળિયા, જતી અથવા રાવળ યોગી રાવળ જતી જાગરિયા જાતિનો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોમાં સમાવેશ કરવામાં આવેલ છે.

"રાવળીયા"શબ્દ પ્રયોગથી સમગ્ર રાવળ સમાજના લોકો અપમાન અને તિરસ્કારની લાગણી અનુભવતા હોવાની રજૂઆત સરકાર સમક્ષ કરવામાં આવી છે, અને "રાવળીયા" શબ્દ નો ઉપયોગ બંધ કરવાની માંગણી ઉઠી છે.

<u>ઠરાવ</u>:–

આમુખમાં નિર્દિષ્ટ પૃષ્ઠભૂમિકાને ધ્યાને લઈને, પુખ્ત વિચારણા બાદ સરકારે ગુજરાત રાજ્યની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની યાદીમાં ક્રમાંક: ૬૦ હેઠળ રાવળ, રાવળીયા જતી અથવા રાવળ યોગી, રાવળ જતી જાગરીયા દર્શાવવામાં આવેલ છે, તે પૈકી "રાવળિયા" શબ્દનો પ્રયોગ બંધ કરવાનો નિર્ણય કર્યો છે આથી જ્યાં જાતિ તરીકે "રાવળિયા" કે તેના પર્યાય તરીકે રાવલિયા" તેમ ઉલ્લેખ થયો હોય ત્યાં બધેજ "રાવળ" સમજવું તેવી સ્પષ્ટતા કરવામાં આવે છે.આ જાતિના લોકોએ તેમના બાળકોના શાળા પ્રવેશ વખતે જાતિ તરીકે રાવળિયા/રાવલિયા લખાવ્યું હોય ત્યાં તથા મહેસૂલી રેકર્ડમાં પણ જ્યાં રાવળ જાતિનો રાવળિયા/રાવલિયા તરીકે ઉલ્લેખ થયેલ હોય તો તેના બદલે"રાવળ" સમજવાનું રહેશે. એટલે કે રાવળ જાતિના લોકોના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અથવા મહેસૂલી રેકર્ડમાં/પંચાયતી રેકર્ડમાં/ અન્ય સરકારી રેકર્ડમાં રાવળિયા/રાવલિયા શબ્દનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો પણ સબંધિત ઈસમોને રાવળિયા/રાવલિયાના બદલે તેમની વ્યાજબી રજૂઆત પ્રમાણે "રાવળ" તરીકેનું સંબોધન કરવા તથા આ સમાજના લોકો ને મળવાપાત્ર જાતિના પ્રમાણપત્રમાં "રાવળ" શબ્દનો ઉલ્લેખ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(ચાલુ)

સરકારના તમામ વિભાગો તથા નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ આ સૂચનાઓના યોગ્ય અમલ માટે સબંધકર્તા અધિકારીઓને સરકારના આ નિર્ણયથી વાકેફ કરવાની તજવીજ કરવા વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિનેશ પી.કાપડિયા)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
—મા.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
—મા.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
—માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા
—સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,ગાંધીનગર
—શિક્ષણ વિભાગ, મહેસુલ વિભાગ,પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
— સચિવાલયના અન્ય વિભાગો.
+સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
+રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
+સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
+સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
+સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
+સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
—માહિતી કમિશ્નરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર—આ બાબતને બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.
—અન્ય પછાતવર્ગો માટેનું પંચ, ગાંધીનગર
—સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશનો
—સર્વે જિલ્લા કલેકટર.
—સર્વે જિલ્લા વિકાસ અધિકારી.
—સર્વે ખાતાના વડાઓ
—વિભાગની તમામ શાખાઓ
— નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
—સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ(વિ.જા)સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા)
—સર્વે મામલતદાર.
—સિલેકટ ફાઈલ.
+પત્ર ધ્વારા
TRV-131